**લગ્ન સંબંધી**
**કરો કંકુના**
મેરેજ બ્યુરો દરેક જ્ઞાતિ આવકાર્ય
દર શનિવારે સાંજના 3 થી 6.
**દર્શના ગોસલીયા :**
**98703 76678**
**હીના જોષી :**
**93212 18121**
ફોન કરવાનો સમય 11 થી 7.

HAMARA MULUND
ગુજરાતી / हिन्दी સાપ્તાહિક
# હમારા મુલુન્ડ
Editor : Bipin Panchal
દર શુક્રવારે પ્રકાશિત
वर्षः 2 ● अंकः 27 ● શુક્રવાર,તા.૮-૨-૧૯● पृष्ठ:8● मूल्यः Rs. 3 ● 90041 60383, 93225 18752







## રસ્તા બચાઓ કૃતિ સમિતિ દ્વારા દરેક રોડના કોર્નર (જંકશન)ને ફેરિયાઓથી બચાવવા માટે ટી વોર્ડને આજે આવેદન પત્ર અપાશે

**બિપિન પંચાલ**

મુલુન્ડ (વેસ્ટ)ના વિવિધ રોડના કોર્નર (જંક્શન) પર બેસતા ફેરિયાઓને લીધે વાહનધારકો તો ઠીક પરંતુ રાહદારીઓ (શાળાએ જતાં વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, વડીલો)ને પણ કેટલી હાડમારીનો સામનો કરવો પડે છે તેની કોઈ સીમા નથી. ફેરિયાઓ દ્વારા અપાતા આ અસહ્ય ત્રાસ વિશે ટી વોર્ડમાં અવારનવાર ફરિયાદો, આવેદનપત્રો આપવામાં આવ્યા છે, વિવિધ મોરચા કાઢવામાં આવ્યા છતાં પણ ટી વોર્ડના અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી.

વર્ષો જૂની આ સમસ્યામાંથી કાયમી છૂટકારો મેળવવા માટે મુલુન્ડની વિવિધ સમસ્યાઓને વાચા આપવા માટે હંમેશા

**(અનુસંધાન ત્રીજે પાને)**





## માતૃભાષા અસ્મિતા અભિયાન



એડવોકેટ રેખા મહેતા　એડવોકેટ નવીન કૌશિક　ભરત દનાણી

આપણી માતૃભાષા આપણો મૂળભૂત અધિકાર છે પરંતુ આપણે અંગ્રેજી ભાષા તરફ આંધળી દોટ મૂકી આપણી માતૃભાષાને ધીરે ધીરે ભૂલતા જઈએ છીએ. માતૃભાષા જળવાઈ રહે તે માટે કેટલીક સંસ્થાઓ સરકાર સામે લડત પણ લડી રહી છે. આપણાં મુલુન્ડની આવી પાંચ (૫) અગ્રણી સંસ્થાઓ **ગુજરાતી વિચાર મંચ, મુલુન્ડ ગુજરાતી સમાજ, ગુજરાતી માતૃભાષા અભિયાન** તથા **ગુજરાતી અસ્મિતા મંચ** અને **જ્યેષ્ઠ નાગરિક શક્તિ વેલ્ફેર એસોસિએશન**ની સાથે જોડાઈને **શનિવાર, તા.૯ ફેબ્રુઆરી ૨૦૧૯ના સાંજે ૫ થી ૭ કલાક ચંદનબાગ સ્કૂલ, આંધ્ર બેન્ક પાસે, એમ.જી. રોડ, મુલુન્ડ (વેસ્ટ)** ખાતે આ વિષય પર સુપ્રીમ કોર્ટના વકીલ નવીન કૌશિક જે ભારતીય ભાષા અભિયાનની ચળવળ ચલાવી રહ્યા છે તેમના માર્ગદર્શન હેઠળ ચર્ચા-વિચારણા કરવા દિલ્હીથી ખાસ આમંત્રિત કર્યા છે. તો આપ સૌને ખાસ આમંત્રિત કરવામાં આ પાંચ અગ્રણીય સંસ્થા હર્ષ અનુભવે છે અમને તમને અપીલ કરે છે કે તમે બહોળી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમનો લાભ લો અને ભાષાને બચાવો.



# વયસ્કોને નિ:શુલ્ક ટિફીન અને આદિવાસીઓને વિવિધ સહાયના સાતત્ય સાથે શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સાતમા સેવા વર્ષમાં પ્રવેશ

## દરરોજ ૧૩૮ વયસ્કોને નિ:શુલ્ક ટિફિન પહોંચાડી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે























વિસ્તૃત અહેવાલ માટે જુઓ પાનાં નં.૩

**શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટ (ફ્રી ટિફીન સેવા) દ્વારા એક નમ્ર અપીલ: આપની આસપાસ એવી કોઈપણ વ્યક્તિ ધ્યાનમાં આવે કે જેને એક ટાઈમ જમવાનું પણ ન મળતું હોય તો અમને સંપર્ક કરો. શ્રીમતી દમયંતીબેન તન્ના (ટ્રસ્ટી) 9004135858.**

# વયસ્કોને નિ:શુલ્ક ટિફીન અને આદિવાસીઓને વિવિધ સહાયના સાતત્ય સાથે શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સાતમા સેવા વર્ષમાં પ્રવેશ

**બિપિન પંચાલ / લાલજી સર**

જરૂરતમંદ વડીલોને આધાર બનવા આજથી છ વર્ષ પહેલાં ૨૭ નિ:શુલ્ક ટિફીન સેવા સાથે ૨૬ જાન્યુઆરી-૨૦૧૩ માં શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટની સેવાના શ્રીગણેશ થયા હતા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ આ સેવાના સાતમા વર્ષના પદાર્પણ પ્રસંગે પ્રતિકાત્મક કેક કટીંગના કાર્યક્રમમાં જસરાજ દાદા મંડળના ઉપ પ્રમુખો શ્રી અરૂણભાઈ ભીંડે, શ્રી હીરાલાલભાઈ મૃગ,શ્રી દેવેન્દ્રભાઈ અનમ તેમજ શ્રી રમેશભાઈ ગણાત્રા અને બંને સંસ્થા વચ્ચે સેતૂરૂપ શ્રી લાલજી સર, **હમારા મુલુન્ડ**ના શ્રી બિપિન પંચાલ સાથે ટ્રસ્ટના શ્રીમતી દમયંતીબેન તન્ના, શ્રી પ્રદીપભાઈ તન્ના, અશ્વિનભાઈ પોપટ, શ્રી અશ્વિનભાઈ કટારિયા, શ્રી કૈલાશભાઈ ભીંડે, જ્યોતિબેન ભીંડે, આરતીબેન કટારિયા, ધારા ગાલા , ધર્મિષ્ઠા કારિયા શામેલ થયા હતા. શરૂઆતમાં રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું. જસરાજ દાદા મંડળ દ્વારા શ્રી હીરાલાલભાઈ અને કેવલ ફાઉન્ડેશન દ્વારા શ્રી અરૂણભાઈ ભીંડેના હસ્તે ટ્રસ્ટને અનુદાન આપવામાં આવ્યા હતા. ટ્રસ્ટી શ્રીમતી દમયંતીબેન તન્નાએ ટ્રસ્ટની પ્રવૃતિઓની આછી ઝલક આપી હતી. અત્યારે જરૂરતમંદ સીનિયર સિટીઝનોને નાતજાતના ભેદભાવ વગર ૧૩૫ ફ્રી ટિફીન આપવામાં આવી રહ્યા છે. મુલુન્ડ-ખીંડીપાડા વિસ્તારના ૧૫૦ આદિવાસી પરિવારોને દર મહિને અનાજ વિતરણ કરવામાં આવે છે. કોપરખેરણ, ઉરણ, કર્જત વગેરેને પણ સેવાના વ્યાપમાં આવરી લેવાયા છે. દહાણુ આદિવાસી વિસ્તારમાં શાળાના વિદ્યાર્થીઓ, ગામના લોકોને સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. અહીં સ્વાવલંબી જીવન માટે વ્યવસાયોની તકો ઊભી કરવામાં આવી છે. સિલાઈ મશીન, ટ્રાઈવીંગ, લોટ દળવા વગેરેથી આજીવિકા નિર્માણ કરવામાં આવી છે. શાળા-ગામ માટે બોરીંગ કૂવાની બનાવવામાં આવ્યા છે. છ બાલવાડીઓ દત્તક લેવામાં આવી છે.

**નાસિકમાં જૈનગુરૂ આશ્રમશાળાના બાળકોને સહાયરૂપ થવા માટે રવિવાર, તા.૩ ફેબ્રુઆરીના પ્રાઈવેટ બસમાં દૈનિક જીવનજરૂરિયાતની વસ્તુઓના પાર્સલો સાથે શ્રીમતી દમયંતીબેન તન્નાના માર્ગદર્શન હેઠળ તેમના ૧૫ થી ૧૭ જેટલા સ્વયંસેવકો નાસિક ગયા હતા. ત્યાં સવારથી સાંજ સુધી આશ્રમશાળાના બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરી તેમને બધી વસ્તુઓ હાથોહાથ આપવામાં આવી હતી.**

આ સેવાકાર્યોમાં સંન્નિષ્ઠ દાતાશ્રીઓનો જે સાતત્યસભર સહયોગ મળી રહ્યો છે તે માટે ટ્રસ્ટ જાહેરમાં તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે. છ-છ વર્ષની આ સેવા યાત્રામાં એમના આવા નિસ્પૃહી, રચનાત્મક સંગાથે ટ્રસ્ટ આવા જરૂરતમંદ જનો સુધી પહોંચી શક્યું છે.અને ભવિષ્યમાં પણ આ સેવાયજ્ઞ આ રીતે ચાલુ રહેશે. આ ટ્રસ્ટ ટીફીન સેવા સહિત સેવાનો વ્યાપ વધારવા તત્પર છે. **ખરેખર જરૂરતમંદ લોકો ટીફીન સેવા કે કીટ જેવી અન્ય સેવા માટે ટ્રસ્ટી શ્રીમતી દમયંતીબેન તન્ના 9004135858 નો સંપર્ક સાધી શકશે.**

આરતીબેન કટારિયા, ધારા ગાલા, ધર્મિષ્ઠા કારીયા, કંચનબેન બોરકર, મોહનભાઈ કતીરા, લાલજીસર, અશ્વિનભાઈ પોપટ, અશ્વિનભાઈ કટારિયા, નીતિનભાઈ કારીયા, મીતાબેન ચાંદ્રા, દક્ષાબેન કતીરા, અનિલભાઈ કોટક, મહેશભાઈ કારીયા (દહાણુ), વિજયભાઈ પંચાલ વગેરે શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અપાતી નિઃશુલ્ક ટિફીન સેવા માટે દમયંતીબેન તન્નાને ખભેથી ખભા મિલાવી પોતાની સેવા આપી રહ્યા છે.

શશીકાંતભાઈ સાવલા જેઓ નિઃશુલ્ક ટિફીન સેવા માટે વપરાતી અનાજ તેમજ અન્ય સામગ્રી વાશી ખાતેથી લાવી આપવામાં મહત્ત્વપૂર્ણ સેવા આપી રહ્યા છે. શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટના બે પૈસા બચે તેનું ધ્યાન રાખતાં વાશીમાં ક્યાંથી સસ્તી અને સારી વસ્તુ મળે છે તેની પૂરેપૂરી તકેદારી શશીકાંતભાઈ સાવલા રાખી રહ્યા છે.

છ વર્ષ પૂરા કરી સાતમા વર્ષમાં પ્રવેશેલા શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી દમયંતીબેન તન્નાની **'હમારા મુલુન્ડ'**એ લીધેલી મુલાકાતના અંતમાં દમયંતીબેને તેમના ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા નિઃશુલ્ક ટિફીન સેવાના આ મહાયજ્ઞમાં તેમને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તન-મન અને ધનથી સેવા - સહકાર અને માર્ગદર્શન આપતાં સર્વે દાતાઓ, શુભેચ્છકો, સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર માનતાં કહ્યું કે છેલ્લાં છ વર્ષથી જે સહયોગ મળી રહ્યો છે તેવો જ સહયોગ ભવિષ્યમાં મળતો રહેશે તેવી પૂરી આશા છે.

શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટના આ અભિયાનને જન-જન સુધી પહોંચાડવા માટે મુલુન્ડના સ્થાનિક અખબારો હમારા મુલુન્ડ, મુલુન્ડ ન્યુઝ, ગુર્જરમાત, અરસપરસ, દૈનિક અખબારો જન્મભૂમિ, મિડ-ડે, મુંબઈ સમાચાર, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

# મુલુન્ડના બાળતબલાવાદક તૃપ્તરાજ પંડ્યાની નરેન્દ્ર મોદી સાથે મુલાકાત



પ્રધાનમંત્રી બાલશક્તિ પુરસ્કાર વિજેતા મુલુન્ડના બાળ તબલાવાદક તૃપ્તરાજ પંડ્યાની મુલાકાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને યોજાઈ હતી જેમાં એવોર્ડ વિજેતા બીજા બાળકો પણ હતા. તૃપ્તરાજે જ્યારે તેની ઓળખાણ રજૂ કરતાં જણાવ્યું કે તે કવિ શ્રી ઉમાશંકર જોષીના સાબરકાંઠા જીલ્લાના ગામ બામણાનો વતની છે ત્યારે મોદીજીએ પૂછ્યું, ''તું બામણા જાય છે ?'' અને તૃપ્તરાજે હા કહી ત્યાર બાદ તૃપ્તરાજે કહ્યું કે મારી ઈચ્છા, આપની સામે તબલાવાદન રજૂ કરવાની છે. ત્યારે મોદીજીએ પૂછ્યું, 'તું તબલા લાવ્યો છે ?' તૃપ્તરાજે ના કહી ત્યારે મોદીજી મુસ્કુરાઈને બોલ્યા, 'ફરી એકવાર મોકો આપીશ.' અને ઓટોગ્રાફની સાથે હાથ મિલાવી આશીર્વાદ આપ્યા. સર્વે બાળકોને એમણે એક જ સલાહ આપી કે જીવનમાં ગમે તેટલું પ્રાપ્ત કરો પણ કુદરતની સાથે રહો. બી વીથ નેચર એન્ડ બી નેચરલ. ભેટમાં તેમણે તેમના ઓટોગ્રાફ છાપેલી ઘડિયાળ ભેટ આપી. બાલ શક્તિ એવોર્ડ વિજેતા બાળકો તેમજ તેમના માતા-પિતાઓએ લગભગ બે કલાક તેમના બંગલે વિતાવ્યા હતા અને સારી સરાહના કરી વિદાય આપી હતી.

## પુનામાં યોજાનારી જસરાજ દાદા શોભાયાત્રામાં શામેલ થવા જસરાજ દાદા મંડળ-મુલુન્ડ દ્વારા પૂના-આણંદી બસની વ્યવસ્થા

વસંત પંચમી રવિવાર તા. ૧૦ ફેબ્રુઆરી-૨૦૧૯ના રોજ પૂનામાં વીર જસરાજ દાદા અનુયાયીઓ દ્વારા તિથિ પ્રમાણે વીર જસરાજ દાદા શહાદત દિન નિમિત્તે શોભાયાત્રા અને ધૂપ આરતીનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેને માટેનું આમંત્રણ જસરાજ દાદા મંડળ-મુલુંડને આપવામાં આવ્યું છે. એ માટે મુલુંડથી પૂના જવા માટે એક દિવસીય બસની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં આણંદીમાં જલારામ બાપા દર્શન અને શક્ય હશે તો યરવડા જેલ નજીક ઐતિહાસિક સ્થળ આગાખાન પેલેસની મુલાકાત આવરી લેવામાં આવશે. સવારના ૭ કલાકે સહયોગ પ્રાપ્ત મુલુંડ મહાજનવાડીમાં ધૂપ આરતી કરી સવારના ૭.૩૦ કલાકે પૂના માટે પ્રયાણ કરવામાં આવશે. જસરાજ દાદા કાર્યક્રમ સાથે ત્યાંના સાંસ્કૃતિક કાર્યક્રમ માણી પ્રસાદ લઈ એજ દિવસે રાત્રે મુલુંડ પાછા આવી જવામાં આવશે. સંપર્કઃ મહા મંત્રી શ્રી લાલજી સર 9892006628, 8169311788, માનદ મંત્રી શ્રીમતી જીજ્ઞા ગણાત્રા 9820369445.

## રસ્તા બચાઓ કૃતિ સમિતિ દ્વારા આજે આવેદન પત્ર અપાશે (પહેલા પાનાથી ચાલુ)

અગ્રેસર એવા રસ્તા બચાઓ કૃતિ સમિતિના કન્વીનર શરદરામ સેજપાલ દ્વારા શુક્રવાર, તા.૮ ફેબ્રુઆરીના રોજ બપોરે ૩ કલાકે ટી વોર્ડ સમક્ષ રજૂઆત કરવા નક્કી કર્યુ છે અને ટી વોર્ડના આસિસ્ટન્ટ કમિશ્નર કિશોર ગાંધીને આ સંદર્ભે એક નિવેદન સુપ્રત કરશે. આ અભિયાનમાં મુલુન્ડની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, મુલુન્ડ પોલીસ ફ્રેન્ડ્સ ગ્રુપ, જાગૃત મુલુન્ડકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. મુલુન્ડની વિવિધ સોસાયટીઓના રહેવાસીઓને ઉપસ્થિત રહેવા એવી શરદરામ સેજપાલે અપીલ કરી છે.


વયોવૃધ્ધ અને જાણકાર એવા

**કચ્છના હાડવૈદ્યના કેમ્પનું આયોજન...**

(લેડીઝ માટે અલગથી ટ્રીટમેન્ટ મીતાબેન ભાનુશાલી આપશે- 90993 90577)

કેમ્પની તારીખો :

તા. ૯ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ ના સવારે ૧૦ થી સાંજે ૭ સુધી


સ્થળ : શ્રી શશીકાંત ઠક્કર

૧લે માળે, સંત જલારામ બાપ્પા માર્કેટ, ઓસવાલની સામે, આર.આર.ટી. રોડ અને એસ.એલ. રોડના જંકશન પર, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

વધુ વિગત માટે સંપર્ક : મો. 70459 30698

ફક્ત રૂા. ૧૦૦/- લઈને ફોર્મ આપવામાં આવશે.

જે ભરીને ઉપરના સરનામે આપવાના રહેશે.



બાબુભાઈ ભાનુશાલી

મો. : 98254 79975

શ્રી હિંગલાજ નસ દબાવ કેન્દ્ર

કમર, સાયટીકા, ખભા, ઘુંટણ, એસીડીટી, માથાનો દુઃખાવો, મણકા તથા કોઈપણ નસના દુઃખાવા માટે મળો

વાઘેશ્વરી ચોક, જનતા નગરી, જેષ્ટાનગર, ભુજ-કચ્છ.

ભુજ : સોમ,મંગળ, ગુરૂ, શુક્ર ગાંધીધામ : બુધ, શનિ

સૌજન્ય : જય ગણેશ ચેરીટેબલ ટ્રસ્ટ

HAMARA MULUND
हमारा મુલુંડ
Editor : Bipin Panchal

## नगरसेवक मनोज कोटक के प्रयासों से मुलुंड (प.) स्मशान भूमि का नूतनीकरण ना शुभारंभ

# स्मशान भूमि परिसर में होने वाले धुवाँ व राख फैलाने की सालों पुरानी समस्या से हंमेशा के लिए मुक्ति



**राजेश चावडा**

मुलुंडकरों की सुविधा के लिए सदैव प्रयत्नशील मुलुंड म.न.पा. भाजपा गटनेता व मुलुंड के लोकप्रिय नगरसेवक मनोज कोटक के अथाग प्रयासों से मुलुंड (प.) डम्पिंग रोड स्थित स्मशान भूमि के नूतनीकरण का शुभारंभ मंगलवार, दि.५ फरवरी के रोज मुलुंड के गणमान्य नागरिकों की उपस्थिति में किया गया।

श्री मुलुंड नागरिक सभा संचालित स्मशानभूमि में अंतिम संस्कार के लिए आने वाले लोगों को पिछले कई सालों से ढ़ेर सारी विपदाओं का सामना करना पडता था, किन्तु मनोज कोटक ने उनके चुनावी मेनीफिस्टो में दिए वचन के मुताबिक मुंबई म.न.पा. द्वारा स्मशान भूमि के नूतनीकरण व उसके पश्चात सौंदर्यकरण द्वारा नागरिकों की सुविधाओं के लिए अत्याधुनिक स्मशान बनाने की दिशा में कार्य कर वचनपूर्ति की है। विशेष तौर पर अग्निसंस्कार के दौरान धुवां व राख स्मशान में ही फैलने से मृतक के परिजनो एवं रहवासियों को काफी विपदाओं का सामना करना पडता था। इस सालों पूरानी समस्या का निराकरण करने के लिए कुल ६

(शेष पृष्ठ ७ पर)

# MissCallPay among the 24 winners at Maharashtra Start-up week, will change the way Bharat Pay's

Mulund, Mumbai based Inclusive Fin-tech start-up makes it possible for people to do transaction's by just giving MissCall's, brings cost of Merchant POS down to Rs. 100/- , will pilot the solution and make 3 villages Digital with Rs. 15 lakhs worth support from Government of Maharastra for a Pilot Project.

This pilot can help Fast-track Modi government's vision of 1 Lakh Digital Villages in 5 years as declared in 2019 Budget by NDA Government.

**Minkville Innoventures Pvt. Ltd.** A Mulund , Mumbai based Start-up is among the 24 winners of Maharashtra Start-up week which concluded today on 1st Feb 2019 at Hotel Vivanta by Taj, Mumbai .

Minkville has developed Inclusive Fin-tech solution **"MissCallPay",** which allows users to securely pay over feature phone, with-out having need for Internet, Smart-phone or learning to use Mobile App, .. and best part is.. user can delegate his banking work to his friends or family with-out worrying of any mis-use.

Behavior Change was among the four main Issue sighted by Honorable CM Fadnavis & AP CM Naidu as Part of Digital Payments Committee of Niti Aayog chaired by our PM Narendra Modi in Jan 2017, We all remember our father delegating banking work (Cash Deposit / Withdrawal) to us as kids, and this is the practice which is making cash the most favorable method of payment. , and addressing this problem is what will make a payment solution successful.

MissCallPay's innovative patented process aims to drastically reduce Cash as a favorable method of payment, as user can comfortably and securely delegate his banking work to friends or family.

Other problem in path of Digital Payments is very low penetration of POS machines, while recently Mukesh Ambani led Reliance Jio announced that they are piloting to bring the cost of POS down to Rs. 3000/- , MissCallPay CEO **MITESH THAKKER,** Promises to introduce the MissCall based Virtual POS for as little as Rs. 100/- per month, in partnership with a Bank.




The space of Digital Payments is getting exciting where products like PayTM, Google Pay, Phone Pe, Amazon Pay, BHIM, and yet to be launched WhatsApp Pay are all trying to entice customers who have become digital savvy and use Smart-phones, and address only 23% of Market consisting on mainly affluent Indians.

MissCallPay's unique approach changes the game by making all possible without using mobile app and particularly on feature-phone, only alternate to this is BHIM USSD, which has failed to get mass adoption despite of significant push by central government.

While there is no money to be made in very low MDR (Merchant Discount Rates) ,Company website also claims to have built Merchant Applications that enhance productivity of Sales and Marketing of Merchant Business , they claim to have increased Lead to Sale Conversation by 600% for a Large Retail Client and reduce call-center cost by upto 80%.

The 2 Year old company already has clients like Godrej Security, ICICI Home Finance, Eureka Forbes among the marquee list of the clients for Sales & Marketing Business Productivity Applications.

MissCallPay has received strong support letter from Chief of Digi-Dhan Mission Government of India, and Ministry of Electronics and Information Technology (MeiTY) Central Government., and has piloted the solution with Sholapur Janta Co-operative Bank.

MissCallPay has also received recognition from IIM-Ahmedabad , IIT - Bombay, MIT - USA at IIGP-2018 and is among top 50 Fintech start-ups part of Fintegrate Zone 2019.

Miss Collections

All branded companies
& all types of Ladies
Undergarment Available here.

Shop No. G-2/3, Sant Jalaram Bapa Market, S.L. Road, Mulund (West).

Mahendrabhai : 93246 66224
Tel. Shop: 022-2565 5224

અભિનંદન બ્રહ્મ શક્તિ-બ્રહ્મ ગૌરવ

Master Truptraj Atul Pandya
Congratulation.
તૃપ્તરાજ અતુલ પંડ્યા (ઉ.વ. ૧૨)
મૂળ વતન/ગામ-બામણા (ગુજરાત)
(કવિશ્રી ઉમાશંકર જોષીનું ગામ)



પહેલા India Book of Records - 2Years Tabla Player.
પછી Guinness World Record - Tabla Vadan in All India Radio at the Age of 3yrs
TEDx Speaker & Performer - More than 200 Public performances on TV & Stage all over India.
અને હવે-પ્રધાન મંત્રી 'બાલ શક્તિ પુરસ્કાર' 2019 National Award by President of India.

પહેલેથી તારી ઊંચી ઉડાન,
આકાશ માપવાના અરમાન,
તારી સફળતાથી વધ્યા અમારાય માન,
થાકીએ નહીં ગાતા તારા ગુણ ગાન.....

શ્રીમતી વીણા અને અતુલ લાભશંકર પંડ્યા (માતા-પિતા)
કુ. તૃષા અતુલ પંડ્યા (બહેન)
શ્રીમતી જ્યોત્સના અને શ્રી હરીહર લીલાધર ભટ્ટ પરિવાર (ફોઈ-ફૂવા) (બામણા)
મામાઓશ્રી નરેન્દ્રભાઈ, વિનોદભાઈ, રાજેન્દ્રભાઈ, કિશોરભાઈ,
દિનેશભાઈ અને સમસ્ત ઉપાધ્યાય પરિવાર (પુનાસણ)
શ્રી અજીતકુમાર સાંકલેશ્વર ત્રિવેદી (મામા-દાદા) સર્વે સ્વજનો અને મિત્રો
આશિર્વાદ
સ્વ. સરસ્વતી અને સ્વ. લાભશંકર મુલશંકર પંડ્યા (દાદા-દાદી),
સ્વ. લક્ષ્મીબા મુલશંકર પંડ્યા (પરદાદી),
સ્વ. શારદા બા અને સ્વ. રતિલાલ લીલાધર ઉપાધ્યાય (નાના-નાની)

અમારા આ હર્ષોલ્લાસમાં ગૌરવ ભેર સામેલ થતી વિવિધ સંસ્થાઓ.
શ્રી યુવક ઉત્કર્ષ સંઘ બામણા
શ્રી બામણા - પુનાસણ કેળવણી મંડળ
શ્રીમાઈ પુનિત સેવા કેન્દ્ર (બામણા)
શ્રીમાઈ શક્તિ મંડળ (બામણા)
શ્રી ત્રિલોકીનાથ વિષ્ણું મંદિર ટ્રસ્ટ
શ્રી ત્રિ. મે. બ્રાહ્મણ બારિશી યુવક સંઘ
શ્રી બારિશી ક્રિકેટ ફોરમ
શ્રી બરીશી નેટ વર્ક
શ્રી કાત્યાયની માતા સેવા ટ્રસ્ટ સમિતિ
શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ (બારિશી) પ્રગતિ સંઘ
શ્રી મુલુંડ બ્રાહ્મણ સમાજ
શ્રી મુલુંડ બ્રાહ્મણ સમાજ મહિલા મંડળ ટ્રસ્ટ
શ્રી મુલુંડ ગુજરાતી સમાજ
શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ
બ્રાહ્મણ સોશ્યલ ગ્રુપ (સેન્ટ્રલ)
સ્વર સાધના - Yes I Can Sign!...
સાબરકાંઠા વિકાસ પરિષદ
સમસ્ત બ્રાહ્મણ મહા સંઘ
ઈન્ટરનેશનલ ગુજરાતી બ્રાહ્મણ મહા સભા

## વૃંદાવન ગાર્ડન ખાતે ઝંડાવંદન



વૃંદાવન ગાર્ડન, આર મોલની પાછળ, એલબીએસ માર્ગ, મુલુન્ડ (વેસ્ટ) ખાત ૨૬ જાન્યુઆરીએ ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો તે પ્રસંગની તસવીરમાં સીનિયર સિટિઝન દલપત પુરાણી, આશુતોષ તિવારી, ભાસ્કર શિરોડકર, મુલચંદ પટેલ, જગતાપ, ઝવેરી, જૈસવાલ, સિંગ, ઈશ્વર શિરોડકર જણાય છે.

## गणात्रा चौकी में मोहल्ला कमिटी की मीटिंग

मुलुंड पुलिस स्टेशन के अंतर्गत आनेवाली गणात्रा चौकी में मोहल्ला कमिटी की मीटिंग का आयोजन किया गया। जिस मीटिंग में मुलुंड पुलिस स्टेशन के पुलिस निरीक्षक श्री संतोष तपासे साहेब व पुलिस उपनिरीक्षक श्री संजय जावले साहेब ने उपस्थित सदस्यों को संबोधित कर कई विषयों पर चर्चा की। इस मीटिंग में समाजसेवक श्री विलाससिंह राजपूत, सेवाराम फाउन्डेशन के अध्यक्ष श्री भरतभाई अमेसर, 'सोच बदलो मुलुंड बदलेगा' के शुलभ जैन -मासूम, सानू शेख. अल्पेश




देढिया, शिवनारायण जैसवाल, श्रीमती संगीता जैसवाल, श्रीमती गीता सालवी, दर्शना राठोड, विवेक भोईर सहित अन्य मौजूद थे।









# કોઈપણ નવા કરવેરા વિનાનું ખૂબ સારું કેન્દ્રિય અંદાજપત્ર (બજેટ) ૨૦૧૯



સીએ મહેન્દ્ર સદલાણી

નાણામંત્રીશ્રીએ કેન્દ્રિય અંદાજપત્ર ૨૦૧૯ લોકસભામાં રજૂ કર્યું છે, જેની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

**આવકવેરો:** આવકવેરાની કરમુક્તિ મર્યાદાઓ અને આવકવેરાના દર એના એજ રાખવામાં આવ્યા છે, જે વ્યક્તિગત આ મુજબ છે. વ્યક્તિગત, હિન્દુ અવિભક્ત કુટુંબ (એચ.યુ.એફ.) વગેરે માટે કરમુક્તિ મર્યાદા રૂા.૨,૫૦,૦૦૦, વરિષ્ઠ નાગરિકો માટે રૂા.૩,૦૦,૦૦૦ અને વધુ વરિષ્ઠ નાગરિકો માટે રૂા.૫,૦૦,૦૦૦ જ રાખવામાં આવી છે. આવકવેરાના દર નીચે મુજબ છે.

| આવક (રૂા.) | આવકવેરાના દર (ટકા) |
|---|---|
| રૂા.૨,૫૦,૦૦૦ સુધી | કંઈ નહીં |
| રૂા.૨,૫૦,૦૦૦થી રૂા.૫,૦૦,૦૦૦ | ૫ ટકા |
| રૂા.૫,૦૦,૦૦૦થી રૂા.૧૦,૦૦,૦૦૦ | ૨૦ ટકા |
| રૂા.૧૦,૦૦,૦૦૦ થી ઉપર | ૩૦ ટકા |

વત્તા કરના ૧૦ ટકા લેખે સરચાર્જ જો આવક રૂા.૫૦ લાખથી વધુ હોય, પણ રૂા.૧ કરોડથી વધુ ન હોય અને જો આવક રૂા.૧ કરોડથી વધુ હોય તો કરના ૧૫ ટકા લેખે સરચાર્જ વત્તા કરના ૪ ટકા લેખે હેલ્થ અને એજ્યુકેશન સેસ.

પણ જો વ્યક્તિગત કરપાત્ર આવક રૂા.૫,૦૦,૦૦૦ સુધી હોય તો તેમને કલમ ૮૭ એ હેઠળ આવકવેરાના ૧૦૦ ટકાની છૂટ આપવામાં આવી છે. એટલે કે રૂા.૫,૦૦,૦૦૦ સુધીની કરપાત્ર આવકવાળી વ્યક્તિએ કઈ પણ આવકવેરો ભરવો નહીં પડે. પણ ખૂબ જ અગત્યનું એ છે કે જેમની ગ્રોસ આવક કરપાત્ર મર્યાદાથી વધુ હોય, દા.ત. વરિષ્ઠ નાગરિક ન હોય એવી વ્યક્તિ જેની ગ્રોસ આવક રૂા.૨,૫૦,૦૦૦ થી વધુ હોય તેણે આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવું ફરજિયાત છે. જેની ગ્રોસ આવક કરપાત્ર મર્યાદાથી વધુ હોય અને જો તે વ્યક્તિ સમયસર રિટર્ન ફાઈલ ન કરે તો તેણે કલમ ૨૩૪ એફ હેઠળ રૂા.૧૦,૦૦૦ સુધીની લેટ ફાઈલીંગ ફીસ પણ ભરવી પડશે. તો પણ કરપાત્ર આવક રૂા.૫,૦૦,૦૦૦ સુધી કઈ પણ આવકવેરો નહીં ભરવાનો એ જ આવકારદાયક પગલું છે.

**પગારદાર વ્યક્તિને સ્ટાન્ડર્ડ ડિડક્શન (કલમ ૧૬):** હાલમાં પગારદાર વ્યક્તિને સ્ટાન્ડર્ડ ડિડક્શન રૂા.૪૦,૦૦૦ મજરે મળે છે, જે વધારીને રૂા.૫૦,૦૦૦ કરવામાં આવ્યું છે. આ પણ એક સારું પગલું છે.

**નોશનલ રેન્ટ (કાલ્પનિક ભાડુ) (કલમ ૨૩):** હાલમાં રહેણાંકના એક ઘરનું કાલ્પનિક ભાડું શૂન્ય પકડવામાં આવે છે. હવેથી રહેણાંકના બે ઘરનું કાલ્પનિક ભાડું શૂન્ય પકડવામાં આવશે. હાલમાં કલમ ૨૩ (૫) હેઠળ બિલ્ડર્સ કે ડેવલપર્સ પાસે જો તૈયાર થયેલી જગ્યા એક વર્ષ પછી પણ વેચવાની રહી જાય તો, તેમણે કાલ્પનિક ભાડાની આવક બતાવવી પડે છે અને તેના પર આવકવેરો ભરવો પડે છે. હવેથી એક વર્ષના સમયગાળાને બે વર્ષ કરવામાં આવ્યો છે. આ પણ એક સારું પગલું છે.

**કર કપાત (ટી.ડી.એસ.):** હાલમાં આવકવેરા ધારાની કલમ ૧૯૪એ હેઠળ બેન્ક અને પોસ્ટ ઓફિસનું વ્યાજ વાર્ષિક રૂા.૧૦,૦૦૦થી વધુ હોય તો ૧૦ ટકા લેખે કર કપાત કરવામાં આવે છે. હવેથી બેન્ક અને પોસ્ટ ઓફિસનું વ્યાજ વાર્ષિક રૂા.૪૦,૦૦૦ સુધી હશે તો કર કપાત કરવામાં નહીં આવે. હાલમાં આવકવેરા ધારાની કલમ ૧૯૪-આઈ હેઠળ ભાડાની ચૂકવણી વાર્ષિક રૂા.૧,૮૦,૦૦૦ સુધી હોય તો કંઈ પણ કર કપાત નથી. હવેથી ભાડાની ચૂકવણી જો વાર્ષિક રૂા.૨,૪૦,૦૦૦ થી વધુ હોય તો જ કર કપાત કરવાનું રહેશે. આ પણ સારા પગલા છે. કર કપાતની આ નવી જોગવાઈઓથી લોકોને ઘણી રાહત થશે.

**રહેણાંક માટેના ઘરનું વેચાણ (કલમ ૫૪):** રહેણાંક માટેના ઘરના વેચાણમાંથી ઉદ્ભવતો લાંબાગાળાનો મૂડીનફો જો અન્ય એક રહેણાંક માટેનું ઘર ખરીદવામાં વાપરવામાં આવે, તો તે પૂરેપૂરો કરમુક્ત છે. હવેથી આવો મૂડીનફો જો રહેણાંક માટેના બે ઘર ખરીદવામાં વાપરવામાં આવે તો પણ તે કરમુક્ત ગણાશે. ફક્ત શરત એ છે કે આવો મૂડી નફો રૂા.૨ કરોડ સુધી જ હોવો જોઈએ અને આનો લાભ દરેક વ્યક્તિને ફક્ત એક વાર જ મળી શકશે. તેમ છતાં આ પણ એક ખૂબ જ આવકાર્ય પગલું છે.

**ઓછી આવકવાળા લોકો માટે ઘર (કલમ ૮૦-આઈબીએ):** હાલમાં ઓછી આવકવાળા લોકો માટે ઘર બનાવતા બિલ્ડર્સ કે ડેવલપર્સ જો તેમનો આવો પ્રોજેક્ટ તા.૩૧-૩-૨૦૧૯ સુધી માન્ય કરાવ્યો હોય તો આ કલમ હેઠળ આવા પ્રોજેક્ટની આવક તેમને મજરે મળે છે. હવેથી આવા પ્રોજેક્ટને માન્ય કરાવવાની તા.૩૧-૩-૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે. આ પણ એક સારું આવકાર્ય પગલું છે.આ અંદાજપત્ર કોઈપણ નવા કરવેરા વિનાનું એકંદરે ખૂબ જ સારું અંદાજપત્ર છે.

## એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટે પૂર્ણ દિવસનું માર્ગદર્શન વ્યાખ્યાન એસ.એમ.પી.આર.શાળામાં માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા યોજાયું




એસ.એસ.સી.બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકાય એ ઉદ્દેશથી એસ.એમ.પી.આર.શાળા-મુલુંડના સહયોગથી એ શાળામાં માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા ગુજરાતી માધ્યમના એસ. એસ. સી.ના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. બુધવાર તા.૬-૨-૧૯ના રોજ એસ.કે. વિનય મંદિરના ગણિતના નિષ્ણાંત પ્રશિક્ષિકા શ્રીમતી શ્રદ્ધાબેન ઠક્કરે ગણિત વિષયનું તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. આખા વિષયને આવરી એના કોન્સેપ્ટ સમજાવ્યા હતા, જેને વિદ્યાર્થીઓએ બહુ પસંદ કર્યા હતા. વિદ્યાર્થીઓની શીખવાની ઈચ્છાને શ્રદ્ધાબેને માન આપી એક વાગે શરૂ થયેલા વ્યાખ્યાનને ૬ વાગ્યા સુધી લંબાવ્યું હતું. શ્રદ્ધાબેનની નિષ્ઠા છોકરાઓને સ્પર્શી ગઈ. વચ્ચે શ્રી લાલજી સરે પરીક્ષાલક્ષી બાબતોનું માર્ગદર્શન આપ્યું હતું. વ્યાખ્યાનની શરૂઆતમાં માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચના પ્રમુખ શ્રી જગજીવનભાઈ તન્ના, ઉપ પ્રમુખો શ્રી અરૂણભાઈ ભીંડે અને શ્રી હીરાલાલભાઈ મૃગ, મહામંત્રી શ્રી લાલજી સર અને શાળાના આચાર્યા શ્રીમતી મીનાબેન કારિયાએ શુભેચ્છા સંદેશ પોતાના વક્તવ્યમાં આપ્યા હતા. શ્રીમતી શ્રદ્ધાબેન ઠકકરને સરસ્વતીની મૂર્તિ અને પ્રશસ્તિ પત્ર આપી શાલ ઓઢાડી, તુલસી પોટ સાથે બુક્સ આપી આયોજકો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રશસ્તિ પત્રનું વાંચન શ્રી બિપિનભાઈ પંચાલે (તંત્રી : **હમારા મુલુન્ડ**) કર્યું હતું. ઉપપ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ અનમ અને કારોબારી સભ્ય રમેશભાઈ ગણાત્રા આ પ્રસંગે ઉપસ્થિત હતા. આ આયોજન માટે ઉપપ્રમુખ હીરાલાલભાઈ મૃગનો આર્થિક સહયોગ મળ્યો હતો. ઉપપ્રમુખ અરૂણભાઈ ભીંડે દ્વારા વિદ્યાર્થીઓને પેન આપવામાં આવી હતી. આ વ્યાખ્યાન યોજવા માટે શાળાના આચાર્યા શ્રીમતી મીનાબેન કારિયા અને મંચના મહામંત્રી લાલજીસરે વિશેષ દાખવ્યો હતો.

HAMARA MULUND
हमारा મુલુન્ડ
90041 60383

## ‘સ્વયંસિદ્ધા મહિલા મંચ’ દ્વારા દર ગુરૂવારે નિ:શુલ્ક જલારામ ખીચડી-કઢી ભંડારાનો ભાવિકો ઉત્સાહભેર લાભ લઈ રહ્યા છે

મહિલાઓના ઉત્કર્ષ અને કલ્યાણાર્થે શરૂ કરવામાં આવેલ સ્વયંસિદ્ધા મહિલા મંચ (અધ્યક્ષા: જ્યોત્સના ચંદે) દ્વારા દર ગુરૂવારે નિ:શુલ્ક જલારામ ખીચડી-કઢી ભંડારાનો શુભારંભ ગુરૂવાર, તા.૩૧-૧-૨૦૧૯ના રાત્રે ૮ કલાકથી અંબાજી ધામ મંદિરની સામે, એમ.જી. રોડ, મુલુન્ડ (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યો છે. પહેલાં જ ગુરુવારે લગભગ ૨૦૦ થી વધુ લોકોએ જલારામ ખીચડી-કઢીનો લાભ લીધો હતો. હવેથી દર ગુરૂવારે આ જ જગ્યાએ સાંજે ૭ કલાકથી નિ:શુલ્ક જલારામ ખીચડી-કઢી ભંડારો યોજવામાં આવશે. મુલુન્ડ તેમજ આસપાસના ઉપનગરના ભાવિકોને આ સેવાનો લાભ લેવા સ્વયંસિદ્ધા મહિલા મંચ દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે.

સ્વયંસિદ્ધા મહિલા મંચ દ્વારા આયોજિત નિ:શુલ્ક જલારામ ખીચડી-કઢી ભંડારા માટે શુભેચ્છકો હીરાલાલ મૃગ, તરૂણભાઈ લાલાઈ, નીતિનભાઈ પાંધી, અરૂણભાઈ ભીંડે, ભરતભાઈ મહીંધર, જીગર ચંદે, વસંતભાઈ ચંદે, અશોકભાઈ ભાનુશાલી, ભારતીબેન ભાનુશાલી, પારૂલબેન ભાનુશાલી, દક્ષાબેન રાયચન્ના, પ્રવીણાબેન ઘેલા, પ્રતાપભાઈ ઠક્કર અને બિપિન પંચાલ છે. સમાજસેવાના આ ઉમદા કાર્ય માટે દરેક પ્રકારનો સહયોગ આવકાર્ય છે. આ સેવાકાર્ય માટે સ્નેહા કેટરર્સના શ્રી સંજયભાઈ માળીનો સુંદર સહયોગ મળી રહ્યો છે.

વધુ જાણકારી તેમજ સહયોગ આપવા માટે સંપર્ક: જ્યોત્સના ચંદે (અધ્યક્ષા-‘સ્વયંસિદ્ધા મહિલા મંચ’) 98679 32362, ઉપાધ્યક્ષા: હીનાબેન જયેશ જોશી: 93212 18121, વિશેષ સહયોગ: સંજયભાઈ માળી (સ્નેહા કેટરર્સ): 93228 48587.

## શ્રી મુસાફર ભજન મંડળ (ઘાટકોપર)

છેલ્લાં લગભગ સાઠ વર્ષથી સત્સંગ અને સેવામાં કાર્યરત શ્રી મુસાફર ભજન મંડળ-ઘાટકોપર શ્રીમદ્ ભાગવત સપ્તાહ, સમૂહ લગ્નો, શ્રી સત્યનારાયણ કથાનું આયોજન તેમજ જરૂરતમંદ પરિવારોને અનાજ સહાય, કિડનીના દર્દીઓ તેમજ અન્ય દર્દીઓને મેડિકલ સહાય, દર વર્ષે અંદાજીત ૫૦૦ વિદ્યાર્થીઓને રાહતના દરે નોટબુક અને યુનિફોર્મ તેમજ જરૂરતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલ ફીનું વિતરણ કરે છે. મંડળ દ્વારા શ્રી અષ્ટોત્તર શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન તા.૨૪-૪-૧૯થી ૩૦-૪-૧૯ સુધી તેમજ તા.૧-૫-૧૯ના યજ્ઞ કરવાનું નક્કી કર્યું છે. શ્રીમદ્ ભાગવત સપ્તાહના આયોજનમાં પરમ સ્નેહી શ્રી શરદભાઈ ભાવસભર વાણીથી સતત ભક્તિનો રસાસ્વાદ કરાવશે. સંપર્ક: સતીશભાઈ: 93225 16294, વિનોદભાઈ: 92211 08545.

“આપણી માતૃભાષા ગુજરાતીનો વધુમાં વધુ ઉપયોગ, પ્રચાર અને પ્રસાર કરો. ગર્વથી કહો અમે ગુજરાતી છીએ”
પૂ. શ્રી હરિભાઈ કોઠારી પ્રેરિત
ગુજરાતી વિચાર મંચ

## नगरसेवक मनोज कोटक के प्रयासों से मुलुंड (प.) स्मशान भूमि का नूतनीकरण ना शुभारंभ (पृष्ठ ४ से आगे)

चिताओं के उपर ऊंचे शेड व करीबन १०० फूट ऊंची चिमनीयां लगायी जाएगी, जिससे धुवां व राख फैलने की समस्या से हंमेशा के लिए मुक्ति मिलेगी।

इसके पश्चात नन्हें बच्चों की दफनभूमि में भी काफी बदलाव किया जाएगा। नन्हें व गरीब परिवार के लोग स्मशान भूमि में प्रार्थना सभा रख सके इस लिए हॉल का भी नूतनीकरण मनोज कोटक द्वारा किया जाएगा। शौचालय व लकडें के गोडाउन का रिपेरींग से लेकर स्मशान भूमि के परिसर में पेवर ब्लॉक लगाने के काम का भी समन्वय किया गया है। साथ ही इलेक्ट्रिक चिता के शेड का नूतनीकरण के साथ CNG गेस की चिता भी बनेगी। जिससे पर्यावरण की रक्षा के लिए मनोज कोटक द्वारा ठोस कदम उठाए गए है।

श्री मुलुंड नागरिक सभा के अध्यक्ष केदारनाथ दूबे ने कहा कि, ''हम पिछले कई सालों से कईं जन प्रतिनिधिओं को स्मशान भूमि के नूतनीकरण के लिए मिले थे लेकिन सिर्फ 'हा' 'हा' कहने वाले किसी ने भी पर्याप्त ध्यान नहीं दिया। मनोज कोटक के पास हमारी पहली रजूआत के बाद तुरंत ही उन्हों ने पूर्णत: ध्यान देकर स्मशान भूमि के नूतनीकरण के लिए प्रशंसनीय कार्य किया है। कर्मठ व वचनबद्ध मनोज कोटक के रूप में मुलुंड को मिले है इस बात का हमें बेहद गर्व है।''

इस अवसर पर मनोज कोटक ने कहा कि, ''मुलुंड के नागरिक होने के नाते स्मशान भूमि की सुधारणा के बारे में कार्य करना वह मेरी प्राथमिक फर्ज है। मुलुंड के बहोत सारे नागरिकों की विध विध शिकायत आती थी और शक्यत: कदम उठाए भी थे लेकिन मुंबई म.न.पा. की निधि में से अब नूतनीकरण किया जाएगा और वह स्मशान भूमि की कायापलट करनेवाला होगा।

**मनोज कोटक द्वारा मुलुंड स्मशान भूमि के नूतनीकरण में होने वाले कार्यों की झलक:** ● स्मशान भूमि में नए ऊंचे शेड बनाए जाएंगे।
● आग्नि संस्कार के दौरान स्मशान भूमि व आसपास के परिसर में धुवाँ व राख न फैले इस लिए १०० फूट ऊंची चिमनीया लगायी जाएगी।
● लकडे रखने के गोडाउन का नूतनीकरण कर के लकडे ठीक से रखे जाय इसकी सुविधा कि जाएगी।
● विद्युत वाहिनी का नूतनीकरण किया जाएगा।
● स्मशान भूमि के प्रवेशद्वार व कर्मचारीओं के घर तक शेड के साथ साथ दिवारों का नूतनीकरण व लादीकरण किया जाएगा।
● पार्किंग परिसर में पेवर ब्लॉक लगाए जाएगा।
● स्मशान भूमि की सभी दिवारों का समारकाम व रंगकाम किया जाएगा।
● श्री मुलुंड नागरिक सभा का कार्यालय का नूतनीकरण किया जाएगा।

## શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટનું જય દેરીવાળા દાદા ઓર્ગેનાઈઝેશન (મુંબઈ -ગુજરાત) સંસ્થા દ્વારા અભિવાદન



કચ્છની દુષ્કાળગ્રસ્ત ગાયોનાં સહાયના ઉદ્દેશ સાથે શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ-નરા (કચ્છ) દ્વારા રવિવાર, તા.૩-૨-૧૯ના રોજ મુલુન્ડમાં પદમાવતી બેન્કવેટ હોલમાં 'એક શામ ગૌ સેવા કે નામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌ ભક્ત તરીકે જય દેરીવાળા ઓર્ગેનાઈઝેશન (મુંબઈ-ગુજરાત) સંસ્થાના પ્રમુખ માર્ગદર્શક શ્રી રામજી જેરામ કોળી, સંસ્થાપક અધ્યક્ષ શ્રી દિનેશ રામજી કોળી અને સચિવ શ્રી કિરણ રામજી કોળી સાથે માર્ગદર્શક આનંદ ક્લાસીસના લાલજી સર દ્વારા શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટને વિશિષ્ટ સ્મૃતિચિન્હ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ વતી શ્રી ભરતભાઈ બારૂએ આ અભિવાદન સ્વીકાર્યું હતું.

## नगरसेवक मनोज कोटक को मुलुंड अग्निशमन केन्द्र के लिए भूपेन्द्र ठक्कर के कुछ सुझाव

समय के बदलाव के साथ मुलुंड / मुंबई में बड़े बड़े टावर बन रहे है। पिछले ३-४ साल के दौरान आग की दुर्घटनाओं पर नजर डाले तो जब ऐसे टावर में आग लगती है तो लोगों की जान बचाने के लिए अग्निशमन केन्द्र को काफी दिक्कतों का सामना करना पड़ता है और कभी कभार जनता की जान बचाने कि कोशिष में अग्निशमन केन्द्र के जवान की मोत की वारदातें भी सामने आयी है।

**इस जलद सवाल के बारे में मेरे कुछ सुझाव है...** (१) मुलुंड अग्निशमन केन्द्र के पास अभी सिर्फ ४२ मीटर की सीडी है जो १२ मजले तक ही जा सकती है। मुलुंड में निर्माण हुए या निर्माण होने जा रहे टावरों की संख्या को देखते हुए ९० मीटर की सीडी मुलुंड अग्निशमन केन्द्र को दी जाए। (२) मुंबई में हो रहे बदलाव के साथ अग्निशमन केन्द्र के लिये क्या भी क्या बदलाव होंगे? २०३० या २०४० तक आने वाली समस्या और उसका निराकरण पर कोई रोड मेप बना है क्या? अगर नहीं बनाया तो मेरी बिनती है कि मुंबई महानगर पालिका और महाराष्ट्र सरकार इस बात पर अवश्य ध्यान दे। (३) अगर हो सके तो बड़े बड़े टावरों में आग की दुर्घटनाओं के वक्त वहाँ निवास करने वालों को बचाने के लिए हेलीपेड की सुविधा की जाए।

HAMARA MULUND हमारा मुलुण्ड 90041 60383

રાજેન્દ્ર અગરબત્તીવાલા પ્રસ્તુત

રિધ્ધી સિધ્ધી ગ્રુપ the events entertainer

ઓફિસ : ૧૧, બી.પી.એસ. પ્લાઝા, બસ ડેપોની બાજુમાં, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૮૦. સમય: સવારે ૧૧ થી ૧ અને સાંજે ૫ થી ૮.

| પ્રત્યેક વ્યક્તિદીઠ | ફિક્સ સીટ મેમ્બર | ચાર્ટર્ડ મેમ્બર | ડાયમન્ડ મેમ્બર | ગોલ્ડન મેમ્બર | બાલ્કની મેમ્બર |
|---|---|---|---|---|---|
| | રૂા.૫૦૦૦ | રૂા.૪૦૦૦ | રૂા.3000 | રૂા.૨૦૦૦ | રૂા.૧૦૦૦ |




તદ્દન નવું ગુજરાતી નાટક
પ્રીમિયર શો - પ્રોગ્રામ નં. ૧

આંધળો પાટો

ગુરૂવાર, તા.૧૪ ફેબ્રુઆરી
રાત્રે ૯.૦૦ કલાકે
કાલિદાસ ઓડિટોરિયમ,
પી.કે. રોડ, મુલુન્ડ (વે)

સરપ્રાઈઝ
પ્રોગ્રામ નં. ૨

રવિવાર,
તા.૩૧ માર્ચ ૨૦૧૯
રાત્રે ૯.૦૦ કલાકે
કાલિદાસ
નાટ્યમંદિર

નવા મેમ્બર્સ મિત્રો આવકાર્ય છે. (ટિકિટ સર્વોદયનગર અરિહંત ફૂડ્સમાંથી મળશે.)

રાજેન્દ્ર અગરબત્તીવાલા: 9820302902, વિશાલ મહેતા: 9819026737

સૌજન્ય: ● અરિહંત ફૂડ્સ, સર્વોદયનગર ● JUST-18 ● TANMAN TOURS ● સિલ્વર બુટીક, નવીન મંજુ, એસ.એલ. રોડ. ● લેન્ડમાર્ક પ્રોપર્ટીઝ, એન.એસ. રોડ

HAMARA MULUND हमारा મુલુન્ડ
Editor : Bipin Panchal

# ક્રેડાઈ-એમસીએચઆઈ થાણા વિભાગ દ્વારા ૧૫થી ૧૮ ફેબ્રુ. સુધી સૌથી મોટા પ્રોપર્ટી એક્સ્પો-2019નું આયોજન



તસવીરોઃ બિપિન પંચાલ

**બિપિન પંચાલ**

આ વર્ષ તમારા સ્વપ્નાનું ઘર ખરીદવા માટે અથવા રોકાણ કરવા માટે યોગ્ય છે. ક્રેડાઈ-એમસીએચઆઈ થાણા વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯નું સૌથી પહેલું પ્રોપર્ટી એક્ઝિબિશન-૨૦૧૯ થાણા શહેરમાં તા.૧૫ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૯ના હાયલેન્ડ સ્પ્રીંગ્સ, ઢાકોળી, કોલશેત રોડ, થાણા (પશ્ચિમ) ખાતે સવારે ૧૧થી રાત્રે ૮ સુધી કરવામાં આવ્યું છે. એક્ઝિબિશનના સ્થળે જવા માટે આનંદ સિનેમા, થાણા (પૂર્વ)થી નિઃશુલ્ક વાહન સુવિધા કરવામાં આવી છે. આ એક્ઝિબિશનમાં ૫૦થી વધુ ડેવલપરો, ૫૦૦થી વધુ રેરામાં રજીસ્ટર્ડ થયેલ પ્રોજેક્ટ અને ૧૦થી વધુ બેંકો તેમજ હાઉસીંગ લોન આપતી કંપનીઓ ભાગ લઈ રહી છે.


ક્રેડાઈ-એમસીએચઆઈ થાણા વિભાગ દ્વારા યોજાનાર આ પ્રોપર્ટી એક્ઝિબિશન-૨૦૧૯ પૂર્વ જાણકારી આપવા માટે પત્રકાર પરિષદનું આયોજન ગુરૂવાર, તા.૭-૨-૨૦૧૯ના રોજ બપોરે ૧૨ કલાકે ટીપટોપ પ્લાઝા, થાણા ખાતે યોજવામાં આવી હતી. આ પત્રકાર પરિષદમાં ક્રેડાઈ-એમસીએચઆઈ થાણાના પ્રેસિડેન્ટ અજય આશર, જીતેન્દ્રભાઈ મહેતા, સચિન મિરાણી, મુકેશ સાવલા, મંથન મહેતા, રાજુલ વોરાએ થાણામાં હાઉસીંગ ક્ષેત્રે જે વિકાસની ક્રાંતિ સર્જાઈ છે તે અંગે તેમજ ભવિષ્યમાં થાણા જેટગતિએ પ્રગતિ કરવાનું છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે એમસીએચઆઈ - થાણાના જનરલ મેનેજર સુમિત ગુઢકાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પૂર્વ પ્રમુખ શૈલેષ પુરાણીક પણ હાજર હતા.










Printed, Published, Owned & Editor **BIPIN NATVARLAL PANCHAL** & Printed at Siddhakala Print Solution, Plot No:-A/17 2-5, Near White House, Opp. Marshall Wallpaper. MIDC, Kopairkhairane, Navi Mumbai. -400710. Published at **HAMARA MULUND** A-18, Shreeniwas Bldg., 4th Floor, Opp. Sai Nursing Home, Shree Nagar, Wagle Estate, Thane (W) - 400 604 • M. 9004160383 /9322518752 • E-mail: hamaramulund@gmail.com • panchalbipin14@gmail.com